દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન

## 20 to 26 January 2018



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

Paresh Chavda

EduSafar

# કરંટ અફેર્સ,તરીખ ૨૦/૦૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ભારત સૌર ઉર્જા પરિયોજના માટે ૩૫૦ મિલિયન ડોલરની રકમ ફાળવશે.

ઉર્જા મંત્રી આર.કે.સિંહે જણાવેલ છે કે ભારત સૌર ઉર્જા માટે નાણાકીય ફંડ સ્વરૂપે ૩૫૦ મિલિયન ડોલરનું રોકાણ કરશે.

કારણ કે દેશ ૨૦૨૨ સુધીમાં અક્ષય ઉર્જામાં ૧૭૫ ગીગાવોટને જોડવા માટે પોતાની મહત્વાકાંક્ષાને હાંસલ કરવાનો પ્રયાસ કરશે.

સયુંક્ત અરબ અમીરાતના અબુધાબીમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય સૌર એલાયન્સ ફોરમમાં આ જાહેરાત કરવામાં આવી છે.

સ્થાપિત અક્ષય ઉર્જા ક્ષમતા હાલ ૬૦ ગીગવોટ ભારત તૈયાર કરે છે.

આ ઉપરાંત ભારતની વર્ષ ૨૦૧૯-૨૦ સુધીમાં બોલીની પ્રક્રિયા પૂર્ણ કરવાની તૈયારી છે.

તેના કારણે વર્ષ ૨૦૨૨ સુધી સ્થાપિત અક્ષય ઉર્જા ૧૧૫ ગીગવોટની વૃદ્ધિ કરી શકાશે.

## આંતરરાષ્ટ્રીય

### સોશ્યલ સાઈટ ફેસબુકે પોતાના બોર્ડમાં પ્રથમ આફ્રિકી અમેરિકી સભ્યને નિયુક્ત કર્યા.

ફેસબુકે બાહ્ય સદસ્ય તરીકે અમેરિકન એક્સપ્રેસના સીઈઓ કેનેથ ચેનોલ્ટને પોતાના બોર્ડમાં નિયુક્ત કરેલ છે.

જેના કારણે હવે તેઓ બોર્ડના પહેલા અફ્રીકી અમેરિકી સદસ્ય બની ગયા છે.

ચેનોલ્ટ આઈ.બી.એમ. અને પ્રોડક્ટ એન્ડ ગેમ્બલ્સના બોર્ડમાં કાર્ય કરી ચુક્યા છે.

તેઓએ હાવર્ડ લો સ્કુલ્સમાંથી સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરેલ છે.

હાલ ફેસબુકના સીઈઓ તરીક માર્ક જુકરબર્ગ સેવા આપી રહ્યા છે.

## રમત-જગત

### આઈ.સી.સી. પુરસ્કારની મુખ્ય પાંચ વિજેતાઓની યાદી.

આઈ.સી.સી. પુરસ્કાર મેન ક્રિકેટ ઓફ ધ યર માટે સર ગારફીલ્ડ સોબર્સ ટ્રોફી –વિરાટ કોહલીને આપવામાં આવી.

આઈ.સી.સી. મેનનો ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર સ્ટીવ સ્મિથ ઓસ્ટ્રેલીયન ખેલાડીને જાહેર કરાયા.

આઈ.સી.સી. પુરસ્કાર મેન ક્રિકેટર ઓફ ધ યર વિરાટ કોહલીને જાહેર કરાયા.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આઈ.સી.સી. પુરસ્કાર મેન ઈમર્જીંગ ક્રિકેટર ઓફ ધ યર હસન અલી પાકિસ્તાન દેશને આપાયેલ.

આઈ.સી.સી. પુરસ્કાર મેન્સ એસોસિએટ ક્રિકેટર ઓફ ધ યર રશીદખાન અફઘાનિસ્તાન દેશને આપવામાં આવેલ.

## અન્ય

### વાઈસ એડમિરલ એ.બી.સિંહે ચીફ ઓફ સ્ટાફના રૂપમાં કાર્યભાર ગ્રહણ કર્યો.

વાઈસ એડમિરલ અજેન્દ્ર બહાદુર સિંહે ચીફ ઓફ સ્ટાફ વેસ્ટર્ન નેવલ કમાન્ડેન્ટના રૂપમાં કાર્યભાર સંભાળેલ છે.

વાઈસ એડમિરલ સિંહ પોતાની વર્તમાન નિયુક્તિ પહેલા ઉપ કમાન્ડર ઇન ચીફ સ્ટ્રેટેજીક ફોર્સ કમાંડ હતા.

વર્ષ ૨૦૧૨ માં તેઓને ફ્લેગ રેંક માટેનો પદભાર સોંપવામાં આવ્યો.

આ ફ્લેગ ઓફિસરને તેમની સારી સેવા માટે વર્ષ ૨૦૧૧ માં વિશિષ્ઠ સેવા પદક અને ૨૦૧૬ માં અતિ વિશિષ્ઠ સેવા પદક પ્રદાન કરવામાં આવેલ.

એડમિરલ સુનીલ લાંબા નૌસેના સ્ટાફના વર્તમાન પ્રમુખ છે.

## સમીક્ષા,તારીખ ૨૦/૦૧/૨૦૧૮

### ભારત ઓસ્ટ્રેલીયાઈ સમૂહનું ૪૩ મુ સભ્ય રાષ્ટ્ર બન્યું ...

ભારત ઓસ્ટ્રેલીયાઈ સમૂહની રોકાણ નિયંત્રણ વ્યવસ્થામાં સામેલ થઇ ગયેલ છે.

આ દેશ આ સમૂહનો ૪૩ મો દેશ બનેલ છે, આ એક અનોપચારિક મંચ છે.

જે સુનિશ્ચિત કરે છે, કે પરમાણું સામગ્રીની આયાતકર કોઈ દેશ જૈવિક હથિયાર નહિ બનાવી શકે.

આ સમૂહમાં સામેલ થવાથી ભારતનું પરમાણું બિન પ્રસાર ક્ષેત્રમાં કદ વધશે.

તેનાથી મહત્વપૂર્ણ પ્રાધ્યોગીકી ક્ષેત્રને પ્રાપ્ત કરવામાં સહાયતા મળશે.

પરમાણું બિન પ્રસાર સંધિ માટે હસ્તાક્ષર કરનાર દેશો હોવા છતાં ભારતે મિસાઈલ પ્રાધ્યોગીકી નિયંત્રણ વ્યવસ્થા સાથે આ સમૂહમાં પ્રવેશ કરેલ છે.

ભારતના ઓસ્ટ્રેલીયાઈ ઉચ્ચાયુક્ત હરિન્દર કૌર સિદ્ધુ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૧/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર ૩ મરણોપરાંત સહીત ૧૮ બહાદુર બાળકો સન્માનિત કરાશે.

રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે સાત બાળકીઓ સહીત ૧૮ બાળકોને પસંદ કરવામાં આવ્યા છે.

આમાં ત્રણ બાળકોને મરણોપરાંત આ પુરસ્કાર આપવામાં આવનાર છે.

દેશના પ્રધાનમંત્રીશ્રી ૨૪ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ આ બાળકોને આ પુરસ્કારથી સન્માનિત કરશે.

આ બહાદુર બાળકો રાજપથ પ આયોજિત થનાર પ્રજાસત્તાક પર્વની પરેડમાં ભાગ લેશે.

જ્યાં તેઓ મુખ્ય આકર્ષણ કેન્દ્રોમાં સ્થાન પામશે.

રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર વર્ષ ૧૯૫૭ થી એનાયત કરવા આવે છે, તેમાં આજ સુધીમાં ૯૬૩ બાળકો સન્માનિત કરાઈ ચુક્યા છે.

# આંતરરાષ્ટ્રીય

## બ્રિટને મની લોન્ડરિંગના વિરુદ્ધમાં વિશ્વના પ્રથમ સાર્વજનિક રજીસ્ટરની જાહેરાત કરી.

બ્રિટને વ્યાપાર, ઉર્જા અને ઔધોગિક રણનીતિ વિભાગે વિશ્વના પ્રથમ સાર્વજનિક રજીસ્ટરની જાહેરાત કરી છે.

જેમાં એ વિદેશી કંપનીઓના માલિકોનું વિવરણ કરવામાં આવશે, જે દેશમાં સંપતિ ખરીદી પોતાના માટે ફળદાયી કરે છે.

સરકાર પ્રાસંગિક મુદ્દાઓ પર કાયદાઓને પ્રકાશિત કરવા માટે તૈયાર છે.

અને આ રજીસ્ટર ૨૦૨૧ ના શરૂઆતી દિવસોમાં જાહેર રખાશે.

આ રજીસ્ટર એવા અપરાધી લોકોને પકડવા માટે કામ લાગશે, નાણા બજારના માધ્યમથી કાળા નાણાને સફેદ બનાવે છે.

# રમત-જગત

## નવી વિશ્વ ટેબલ ટેનિસ રેકીંગમાં માનવ ઠક્કર બીજા સ્થાને રહ્યા.

ઈન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશનની નવી રેકીંગમાં ગર્લ્સની અન્ડર-૧૫ શ્રેણીમાં દિયા ચિતલે પાંચમાં સ્થાને પહોંચી ગયા છે.

જયારે બોયસ કેટેગીરી અન્ડર-૧૮ શ્રેણીમાં માનવ ઠક્કર વિશ્વમાં બીજા સ્થાન પર રહ્યા છે.

ઠક્કરનું પાછળના સત્રમાં રમતમાં વિશેષ પ્રદાન રહ્યું છે.

આ પદ્ધતિને કારણે તેઓ ૧૮ માં સ્થાન પરથી સીધા બીજા સ્થાન પર પહોંચી ગયા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## અન્ય

### મહારાષ્ટ્ર બન્યું પબ્લિક કલાઉડ પોલીસીનું અનાવરણ કરનાર દેશનું પ્રથમ રાજ્ય.

મહારાષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય બનેલ છે, જે પબ્લિક કલાઉડ પોલીસી સાથે સામે આવ્યા છે.

વસ્તુત કલાઉડસ પર પોતાનો ડેટા સંગ્રહણને સ્થાનાંતરિત કરવા માટે પોતાના વિભાગોને અનિવાર્ય રૂપથી લાગુ કરવામાં આવે છે.

આ પગલાથી ઉદ્યોગ માટે ૨ ડોલર અરબની તક પ્રાપ્ત થશે.

મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડનવિસે મહારાષ્ટ્ર પ્રધ્યોગીકી સંમેલનમાં આ જાહેરાત કરી હતી.

## સમીક્ષા, તારીખ ૨૧/૦૧/૨૦૧૮

### આનંદીબેન પટેલ મધ્યપ્રદેશ રાજ્યના રાજ્યપાલ તરીકે નિયુક્ત...

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ૧૯ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ મધ્યપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે નિયુક્ત કરાયા છે.

તેઓ વર્ષ ૨૦૧૪ માં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે નિમાયા હતા.

હાલ મધ્યપ્રદેશ રાજ્યના રાજ્યપાલનો ચાર્જ ગુજરાતના રાજ્યપાલ ઓમ ઓમપ્રકાશ કોહલી પાસે છે.

આનંદીબેન પટેલ મધ્યપ્રદેશના પૂર્ણ કાલીન રાજ્યપાલ તરીકે રહેશે.

સપ્ટેમ્બર ૨૦૧૬ માં રામ નરેશ યાદવનો કાર્યકાળ ખતમ થયા બાદ ત્યાં રાજ્યમાં પૂર્ણકાલીન રાજ્યપાલ નથી.

હાલ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રુપાણી સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૨/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ૬૩ માં ફિલ્મફેર એવોર્ડ-૨૦૧૮ ની યાદી જાહેર કરવામાં આવી.

બોલીવુડ નગરી મુંબઈમાં ૬૩ માં જીઓ ફિલ્મફેર એવોર્ડની જાહેરાત કરવામાં આવેલ છે.

આ શોની હોસ્ટ ફિલ્મ નિર્માતા કરણ જૌહર તથા અભિનેતા શાહરૂખ ખાને કરેલ.

ઈરફાનખાનના બહેતરીન પ્રદર્શન માટે 'હિન્દી મીડીયમ'ને સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

સર્વશ્રેષ્ઠ પુરુષ અભિનેતામાં ઈરફાનખાનને પસંદ કરવામાં આવ્યા છે.

વિદ્યા બાલનને પોતાના કેરિયરનો છઠ્ઠો ફિલ્મફેયર પુરસ્કાર 'તુમ્હારી સુલું' માટે આપવામાં

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આવેલ છે.

## આંતરરાષ્ટ્રીય

### ફળોનો શુદ્ધ રસ બ્લડ શુગરને અસર નથી કરતો....એક સંશોધન.

એક નવા વિશ્લેષણમાં જાણવા મળેલ છે, કે ૧૦૦ ટકા ફળોનો શુદ્ધ રસ પીવાથી ડાયાબિટીસનું જોખમ રહેતું નથી.

સંશોધકોએ એવું જોયું છે કે ૧૦૦ ટકા ફળોનો રસ ફાસ્ટિંગ બ્લડ ગ્લુકોઝ, ફાસ્ટિંગ બ્લડ ઈન્સ્યુલીનની પ્રતિરોધક ક્ષમતા પર અસર કરતો નથી.

હાલમાં ન્યુટ્રીશન સાયન્સ નામની પત્રિકામાં પ્રકાશિત શોધમાં કહેવામ આવેલ છે કે ૧૦૦ ટકા ફળોના રસથી તૈયાર કરવામાં આવેલ જ્યુસમાં કોઈપણ પ્રકારના સુગર લેવલ વધવાનો પ્રશ્ન રહેતો નથી.

આ શોધમાં અમેરિકાના સેન્ટર ફોર કેમિકલ રેગ્યુલેશન એન્ડ ફૂડ સેફટીના શોધકર્તાઓએ આ તથ્યો પર વધુ પ્રકાશ પાડ્યો છે.

સંશોધકોએ સફરજન, લીંબુતથા દાડમ અને દ્રાક્ષના રસનો પ્રયોગ કરેલ.

## રમત-જગત

### ભારતે પાકિસ્તાન દેશને હરાવી બ્લાઈન્ડ વિશ્વકપ-૨૦૧૮ જીત્યો.

શારજાહ ક્રિકેટ સ્ટેડીયમ, સયુંકત અરબ અમીરાતમાં રોમાંચક મેચ દરમિયાન ભારતે પાકિસ્તાન દેશને હરાવી બીજીવાર બ્લાઈન્ડ ક્રિકેટ વિશ્વકપ-૨૦૧૮ જીતી લીધેલ છે.

મેજબાન પાકિસ્તાને ભારત માટે ૪૦ ઓવરમાં આઠ વિકેટના નુકશાનથી ૩૦૮ રનનું લક્ષ્ય નિર્ધારિત કરેલ.

ભારતે બે બોલ બાકી રહેતા આઠ વિકેટ ગુમાવીને ૩૯ માં ઓવરમાં આ લક્ષ્ય પાર પડ્યું હતું.

પોતાના શાનદાર પ્રદર્શન માટે સુનીલ રમેશને મેન ઓફ ધી મેચ જાહેર કરાયેલ.

વર્ષ ૧૯૯૮ માં ઉદ્ઘાટન વિશ્વકપ દક્ષિણ આફ્રિકાએ જીતેલ.

આ પહેલા નવી દિલ્હીમાં પાકિસ્તાન દેશને હરાવીને ભારતે બ્લાઈંડ વિશ્વકપ જીતેલ.

## અન્ય

### રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે ૧૧૨ અસાધારણ મહિલાઓને સન્માનિત કરી.

દેશના રાષ્ટ્રપતિશ્રીએ ૨૦ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ પોત-પોતાના ક્ષેત્રમાં અસાધારણ

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

કાર્ય કરવા માટે વિવિધ ક્ષેત્રની ૧૧૨ મહિલાઓને સન્માનિત કરેલ છે.

ફર્સ્ટ લેડીઝ અસાધારણ ઉપલબ્ધી હાંસલ કરનાર મહિલાઓએ પોતાના ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ કાર્ય કરેલ છે.

આ યાદીમાં પ્રથમ મહિલા મર્ચેન્ટ નેવી કેપ્ટન, યાત્રી રેલગાડીની પહેલી મહિલા ટ્રેન ડ્રાઈવર,પહેલી મહિલા ફાયર ફાઈટર તથા અન્ય સામેલ છે.

અસાધારણ મહિલાઓની સૂચિમાં ઉપાસના ટાકુ (પેમેન્ટ સ્ટાર્ટઅપનું નેતૃત્વ કરનાર) પણ સામેલ છે.

મહિલા અને બાળ વિકાસની આ નવી શરૂઆત અંતર્ગત દેશની આ ૧૧૨ મહિલાઓને રાષ્ટ્રપતિ ભવનમાં સન્માનિત કરવામાં આવેલ છે.

## સમીક્ષા, તારીખ ૨૨/૦૧/૨૦૧૮

### ચોથું ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પર્વ લખનઉ માં આયોજિત થશે...

ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પર્વનું ચોથું સંસ્કરણ લખનઉમાં આયોજિત કરવામાં આવશે.

આ સમારોહને લખનઉમાં આયોજિત કરવાનો નિર્ણય કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રાધ્યોગીકી પર્યાવરણ,વન અને જળવાયું પરિવર્તન તથા વિજ્ઞાનમંત્રી ડો.હર્ષવર્ધનની અધ્યક્ષતામાં લેવામાં આવેલ.

પ્રથમ આઈ.આઈ.એસ.એફ. ડીસેમ્બર ૨૦૧૫ માં નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવેલ.

આ મેગા એસ.એન્ડ ટી.એક્સ્પોમાં ત્રણ લાખથી વધારે લોકોએ ભાગ લીધો હતો.

આ સમયે ભારતે એક ગીનીસ વર્લ્ડ રેકોર્ડ પણ બનાવેલ, જયારે આ સમારોહ દરમિયાન બે હજાર સ્કુલના બાળકોએ બે પ્રયોગ રજુ કરેલ.

આ શ્રેણીમાં ત્રીજો આઇ.આઇ.એસ.એફ. ઓક્ટોબર ૨૦૧૭ માં ચેન્નાઈમાં આયોજિત કરવામાં આવેલ.

## કરંટ અફેર્સ, તારીખ ૨૩/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### છતીસગઢમાં ભારતનો પ્રથમ કચરા મહોત્સવ આયોજિત થયો.

છતીસગઢના રાયપુરમાં નગર નિગમે ત્રણ દિવસીય કચરા મહોત્સવ ૨૦૧૮ નું આયોજન કરેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ ભારતનો પ્રથમ કચરા મહોત્સવ છે, જે આ રાજ્યમાં આયોજિત કરાયો છે.

આ તહેવારનો ઉદેશ્ય લોકોમાં જગૃરુકતા વધારવા માટેનો છે.

શહેરમાં રચનાત્મક રૂપથી ઉત્પન્ન થયેલ કચરાનો ઉપયોગ કરવો તથા કચરાના રૂપમાં ચિન્હિત કરવામાં આવતી ચીજોનો ફરી ઉપયોગ કરવાની વાત બતાવાઈ છે.

હાલ છતીસગઢના મુખ્યમંત્રી તરીકે રમનસિંહ સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### માલ્ટાનું વાલેટા શહેર યુરોપની સંસ્કૃતિનું રાજધાની શહેર બન્યું.

માલ્ટાની રાજધાની વાલેટાને આધિકારિક રૂપથી સંસ્કૃતિની યુરોપીય રાજધાની ૨૦૧૮ નું નામ આપવામાં આવેલ છે.

વાલેટા નેધરલેંડના એક શહેર લીઉવર્ડેન સાથે આ નામને ઉજાગર કરશે.

વિશેષ રૂપથી સંસ્કૃતિની યુરોપીય રાજધાનીઓની પહેલનો ઉદેશ્ય યુરોપીય સંસ્કૃતિની વિવિધતાને ઉજાગર કરે છે.

વેલ્ટાટા યુરોપીય સંઘની સૌથી નાની રાજધાની છે.

આ એક કિલ્લામાં આવેલ છે, અને યુનેસ્કોનું વિશ્વ ધરોહર શહેર (સ્થળ) છે.

## રમત-જગત

### ક્રોયેશીયના ટેનિસ સ્ટાર મારિન સિલીચે ૧૦૦ મી ગ્રાન્ડ સ્લેમ જીતી.

ક્રોયેશિયાના ટેનિસ સ્ટાર મારિન સિલીચે પોતાની કારકિર્દીની ૧૦૦ મી ગ્રાન્ડ સ્લેમ જીતી લીધેલ છે.

આ સ્થાન મેળવતાની સાથે તેઓ ઓસ્ટ્રેલીયન ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન પામવામાં સફળ રહ્યા છે.

સિલીચ પોતાની કારકિર્દીમાં ૧૧ મી વાર ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચવામાં સફળ રહ્યા છે.

હવેથી ક્વાર્ટર ફાઈનલમાં સીલીચનો સામનો નંબરવન ખેલાડી રફેલ નાદાલ સામે થશે.

આજ સુધીમાં સિલીચ અને નાદાલ છ વાર રમતમાં સામસામે આવેલ છે, તેમાં નાદાલની જીતનો રેકોર્ડ ૫-૧ નો છે.

## અન્ય

### ઓમ પ્રકાશ રાવત નવા ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરાયા.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ચૂંટણીપંચ દ્વારા ઓમ પ્રકાશ રાવતને ભારતના હવે પછીના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

શ્રી રાવત ભારતના ૨૨ માં મુખ્ય ચૂંટણી કમિશનર છે.

તેઓ હવેથી ૨૧ માં સ્થાન પર રહેલા મુખ્ય ચૂંટણી કમિશનર અચલકુમારનું સ્થાન લેશે.

ભારતના પૂર્વ નાણાસચિવ અશોક લોરાસને ચૂંટણી આયુકતના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

શ્રી રાવત ૨૩ જાન્યુઆરી ૨૦૧૮ થી કાર્યાલય સંભાળશે.

## સમીક્ષા,તારીખ ૨૩/૦૧/૨૦૧૮

### સુદીપ લખટકિયા બનશે, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડના નવા ડીજી...

વરિષ્ઠ આઈ.પી.એસ. ઓફિસર સુદીપ લખટકિયાને બ્લેક કૈટસકમાન્ડો ફોર એન.એસ.જી.ના નવા મહાનિર્દેશકના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

હાલ તેઓ કેન્દ્રીય રીઝર્વ પોલીસ ફોર્સમાં એક વિશેષ ડીજીના રૂપમાં દિલ્હીમાં કાર્યરત છે.

તેઓ હાલના પદાધારી એસ.પી.સિંહનો પદભાર સંભાળશે.

આગામી ૩૧ મી જાન્યુઆરીના રોજ એસ.પી.સિંહ એન.એસ.જી.ના ડીજીના પદ પરથી સેવા નિવૃત થશે.

વર્ષ ૧૯૮૪ માં આતંકવાદીઓ અને અપહરણ જેવી ઘટનાઓનો સામનો કરવા માટે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડની રચના કરવામાં આવેલ.

રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડને એન.એસ.જી.તરીકે પણ ઓળખવામાં આવે છે.(નેશનલ સુક્યુરીટી ગાર્ડ)

## કરંટ અફેર્સ, તારીખ ૨૪/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### એસ. સોમનાથે વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટરમાં નિર્દેશક તરીકેના પદનો કાર્યભાર સંભાળ્યો.

પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એસ.સોમનાથે ૨૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ વિક્રમ સારાભાઇ અંતરીક્ષ કેન્દ્રના નિર્દેશક તરીકેનો પદભાર સંભાળ્યો છે.

તેઓએ કે.સિવનનું સ્થાન સંભાળેલ છે, જેને હાલમાં ઈસરોના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

વી.એસ.એસ.સી.ના સુત્રોના જણાવ્યા અનુસાર સોમનાથે બેંગલુર સ્થિત ઈસરોના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

મુખ્યાલયમાં આયોજિત એક કાર્યક્રમમાં પદભાર ગ્રહણ કરેલ.

આ પદ પહેલા તેઓ વલીયામલા સ્થિત દ્રવ નોદન પ્રણાલી કેન્દ્રના નિર્દેશક રહેલા.

એસ.સોમનાથે વર્ષ ૧૯૮૫ થી ઈસરોમાં કાર્ય કરવાનું શરુ કરેલ.

## આંતરરાષ્ટ્રીય

### ભારત અને વિશ્વબેંકે જળ આપૂર્તિ માટે ઉતરાખંડમાં સેવાઓને બહેતર બનાવવા માટેના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

ભારત અને વિશ્વબેંકે ૨૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ઉતરાખંડના પહાડી રાજ્યના નગરીય-શહેરી ક્ષેત્રોમાં જલ આપૂર્તિ માટે સેવાઓને વધારે સારી બનાવવા માટે ૧૨૦ મિલિયન ડોલરના ઋણ સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

આ પરિયોજના માટે સમજુતી કરાર પર નાણા મંત્રાલયના આર્થિક વિભાગના સયુંકત સચિવ સમીર કુમાર ખરેએ હાજરી આપેલ.

નગરીય ક્ષેત્રના વિસ્તારમાં જળ આપૂર્તિ માટે માસ્ટર પ્લાન આ સમજુતી કરારથી તૈયાર કરાશે.

આ સમજુતી કરારથી ઉતરાખંડ રાજ્યના સાત લાખથી વધારે લોકોને ફાયદો થશે.

આ કરારથી ઉતરાખંડના શહેરી વિસ્તારમાં કાયમી માટે પાણીની સમસ્યાઓનો અંત આવશે.

## રમત-જગત

### સીએટ સાથે કરાર કરનાર હરમનપ્રીત પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બન્યા.

ગયા વર્ષે ભારતને આઈ.સી.સી. મહિલા વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચાડવામાં મહત્વનો ભાગ ભજવનાર હરમનપ્રીત કૌરની સાથે સીએટે કરાર કરેલ છે.

હરમનપ્રીત આ સાથે બેટ એન્ડોર્સમેન્ટ કરાર કરનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે.

ભારતીય પુરુષ ક્રિકેટરોની વાત કરવામાં આવે તો રોહિત શર્મા, ઈશાન-કિશન તથા અંજિક્ય રહાણે પણ સીએટ સાથે જોડાયેલા છે.

હાલ સીએટના માર્કેટિંગ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નીતીશ બજાજ સેવા આપી રહ્યા છે.

સીએટ સાથે જોડાયેલા હરમીનપ્રીત બે વર્ષ સુધીસીએટનું બેટ વાપરવા માટે કરાર બદ્ધ થયા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## અન્ય

### આયુષ મંત્રીએ જયપુરમાં હોમિયોપેથી સંશોધન કેન્દ્રનું ખાતમુહુર્ત કર્યું.

આયુષના રાજ્યમંત્રી (સ્વતંત્રપ્રભાર) શ્રીપાડ યેસો નાઈકે રાજસ્થાનની રાજધાની જયપુરમાં કેન્દ્રીય સંશોધન કેન્દ્ર (સી.આર.આઈ.)નું ખાતમુહુર્ત કરેલ છે.

હોમીયોપેથીમાં રીસર્ચ સેન્ટર (સી.સી.આર.એચ.) ના કેન્દ્રીય પરિષદ અંતર્ગત આત્રીજુ સંશોધન કેન્દ્ર હશે.

આ સમારોહ દરમિયાન પોતાના સંબોધનમાં શ્રી નાઈકે કહ્યું કે આયુષ મંત્રાલય હોમીયોપેથી અને આયુષની અન્ય પ્રણાલીઓ માટે ઢાંચાગત આધારભૂત ઢાંચા પ્રતિ દ્રઢ સંકલ્પિત છે.

આયુષ મંત્રાલય ૯ નવેમ્બર ૨૦૧૪ ના રોજ સ્થાપિત કરવામાં આવેલ.

આયુષનું પુરુનામ મીનીસ્ટ્રી ઓફ આયુર્વેદા યોગા એન્ડ નેચરોપેથી યુનાની સિદ્ધ એન્ડ હોમિયોપેથી થાય છે.

## સમીક્ષા,તારીખ ૨૪/૦૧/૨૦૧૮

### નવી દિલ્હીમાં આયોજિત ભારત-આસિયાન વ્યાપાર અને રોકાણ સંમેલન...

નવી દિલ્હીમાં ૨૫ જાન્યુઆરીના રોજ ભારત-આસિયાન સંમેલનનું આયોજન થવા જઈ રહ્યું છે.

આ પહેલા કેટલાક અન્ય કાર્યક્રમની શરૂઆત થઈ ચુકી છે.

સંમેલનમાં સંબધોને સુદ્રઢ બનાવવા માટે લેંડ રૂટના માધ્યમથી કનેક્ટીવીટી વધારીને ટ્રેડને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ભારત-આસિયાન સહભાગીદારીની રજત જયંતી ૨૫ જાન્યુઆરીના રોજ નવી દિલ્હીમાં એક અપ્રત્યાશિત શિખર સંમેલન સાથે મનાવાઈ રહી છે.

આસિયાન ૧૦ દક્ષિણ-પૂર્વી એશિયાઈ દેશોનો સમૂહ છે.

આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા બનાવી રાખવા માટે સદસ્ય દેશો વચ્ચે વ્યાપાર અને આર્થિક વિકાસને વધારવાનું તેનું લક્ષ્ય છે.

ભારત અને આસિયાન ભાગીદારી ૧૯૯૨ માં શરુ થઈ હતી.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૨૫/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ૨૪ જાન્યુઆરીને ઉત્તરપ્રદેશ દિવસ મનાવાયો.

૨૪ જાન્યુઆરીને ઉત્તરપ્રદેશના રૂપમાં મનાવવામાં આવ્યો.

ઉપરાષ્ટ્રપતિ એમ.વૈંક્યા નાયડુ લખનઉમાં આયોજિત આ કાર્યક્રમના મુખ્ય અતિથિ (લખનઉ ઉત્સવ નામના કાર્યક્રમ) માં હાજર રહ્યા હતા.

આ ઉત્સવનો ઉદેશ્ય સમૃદ્ધ, સાંસ્કૃતિક વિરાસત, સાહિત્યિક અને કલાત્મક તથા શિલ્પ કૌશલ્યને રજુ કરવા તથા તેમાં વધારો કરવાનો છે.

હાલ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથ સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### સૌથી વધારે વેંચાણ પામેલ સાઈન્સ ફિક્શનના લેખિકા ઉર્સુલા કે. લી. ગુઈનનું અવસાન.

સાઈન્સ ફિક્શનના પુરસ્કાર વિજેતા અને ફન્તાસી લેખિકા ઉર્સુલા કે.લી.ગેઈનનું ૮૮ વર્ષની વયે અવસાન થયેલ છે.

તેણીએ નારીવાદી વિષયોને ખુબ ઊંડાણપૂર્વક ખેડેલા છે.

તથા તેણી પોતાની અર્થસી પુસ્તકો માટે વિખ્યાત હતા.

લી.ગુઈને વર્ષ ૨૦૧૪ માં માનદ નેશનલ બુક એવોર્ડ જીત્યો હતો.

લી.ગુઈનનો પહેલો ઉપન્યાસ વર્ષ ૧૯૬૬ માં પ્રકાશિત થયેલો.જેનું નામ રોનકોનન્સ વર્લ્ડ રાખવામાં આવેલ.

તેણીને વધારે નામના ત્રણ વર્ષ બાદ ધ લેફટ હેડ ઓફ ડાર્કનેસથી મળી હતી.

## રમત-જગત

### લિફટર રાખી હોલ્ડરે નવો રેકોર્ડ બનાવ્યો.

કર્ણાટકના બેંગલુરમાં ૩૩ માં મહિલા વરિષ્ઠ રાષ્ટ્રીય વેઇટલીફટીંગ ચેમ્પિયનશીપનું આયોજન થયેલ.

આ ચેમ્પિયનશીપમાં ૬૩ કિલોગ્રામ મહિલાઓની શ્રેણીમાં સુવર્ણ પદક જીતીને લિફટર રાખી હોલ્ડરે નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવેલ છે.

રાખીને કર્નમ મલ્લેશ્વરીની ઉપલબ્ધિ૧૨૭ કિગ્રા.જે તેણીએ વર્ષ ૧૯૯૯ માં એથેન્સમાં બનાવેલ.તેનાથી સારું પ્રદર્શન કરેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

રાષ્ટ્રીય રેકોર્ડ બનાવવા માટે ૨૩૦ કિગ્રા.માટે ક્લીન એન્ડ જર્કમાં ૧૨૮ કિલોનો ભાર ઉઠાવ્યો હતો.

## અન્ય

### ભારત ૧૬ મી આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચ બેઠકની મેજબાની કરશે.

૧૬ મી આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચ (આઈ.ઈ.એફ.)ની મંત્રીસ્તરીય બેઠક એપ્રિલ ૨૦૧૮ માં આયોજિત કરવામાં આવશે.

પેટ્રોલીયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના અનુસાર આ બેઠક નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવશે.

આ ઉપરાંત ચીન અને દક્ષિણ કોરિયા સરકાર દ્વારા સહમેજબાની કરવામાં આવશે.

આ સંમેલનમાં ૯૨ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ ૯૨ સભ્યોમાં ૭૨ દેશો આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચના સદસ્યો છે, જયારે ૨૦ દેશો આમંત્રિતો તરીકે સામેલ થશે.

ભારતે છેલ્લે ૧૯૯૬ માં આઈ.ઈ.એફ.ની મંત્રીસ્તરીય પરિષદની મેજબાની વર્ષ ૧૯૯૬ માં કરેલ.

## સમીક્ષા,તારીખ ૨૫/૦૧/૨૦૧૮

### ભુનેશ્વરમાં સાતમાં એશિયા સ્ટીલ ઈન્ટરનેશનલ સંમેલનનું આયોજન કરાશે...

૭ માં એશિયા સ્ટીલ ઈન્ટરનેશનલ સંમેલનનું આયોજન ફેબ્રુઆરી-૨૦૧૮ માં ઓડીસાના ભુનેશ્વરમાં આયોજન કરાશે.

આ જાહેરાત તાતા સ્ટીલે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેટલ્સ સાથે મળીને કરેલ છે.

આ મુખ્ય સંમેલન દર ત્રણ વર્ષે આયોજિત કરવામાં આવે છે.

અને વિશ્વના ઉદ્યોગોના વિભિન્ન તબક્કાઓ પર જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં મંચ પૂરું પાડવામાં આવશે.

આ સંમેલનમાં વિવિધ દેશોના ૭૦ થી વધારે વક્તાઓ હાજર રહેશે.

આ પહેલા વર્ષ ૨૦૧૫ માં એશિયા સ્ટીલ સંમેલન યોકોહામા જાપાન શહેરમાં આયોજિત કરવામાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૨૬/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ૮ મો રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૫ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ મનાવાયો.

ભારતના ચૂંટણીપંચ દ્વારા ચૂંટણી પ્રક્રિયાઓને નાગરિકોની બઢતી ભાગીદારી માટે ૨૫ જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં ૮ મો રાષ્ટ્રીય મતદાતા દિવસ મનાવવામાં આવ્યો.

રાષ્ટ્રીય સ્તરનો આ સમારોહ નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવેલ.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ચૂંટણી પ્રકિયા પ્રબંધકોમાં સામેલ જીલ્લા કલેક્ટર,પોલીસ અધિક્ષક અને અન્ય કાર્યકર્તાઓને સર્વશ્રેષ્ઠ ચુંટણી કાર્ય માટે પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ.

સ્વતંત્ર ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર તરીકે સુકુમાર સેન હતા.

ભારતના ૨૧ માં મુખ્ય ચુંટણી કમિશનર તરીકે અચલકુમાર જ્યોતિએ સેવા આપેલ.

## આંતરરાષ્ટ્રીય

### બ્રિટનની સરકારે ફેક ન્યુઝ વિરુદ્ધ સુરક્ષા સંસ્થાની રચના કરી.

બ્રિટનની સરકારે ૨૪ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ફેક ન્યુઝની વધતી સમસ્યાઓથી લડવા માટે નવી રાષ્ટ્રીય સુરક્ષા સંવાદ સંસ્થાની સ્થાપના કરેલ છે.

આ સમયે તમામ દેશોની જેમ બ્રિટનમાં પણ સોશ્યલ મીડિયા તથા ઈન્ટરનેટના અન્ય સાધનોના માધ્યમથી ફેક ન્યુઝ ઝડપથી પ્રસરી રહ્યા છે.

ફેક ન્યુઝની વાત સંપૂર્ણપણે ખોટી સૂચના, તસ્વીર અને વિડિયો જાણીજોઈને દુષ્પ્રચાર કરવો અને લોકો વચ્ચે ગેરસમજ પેદા કરવા કરવામાં આવે છે.

બ્રિટનમાં શરુ કરવામાં આવેલ નવી સુરક્ષા સંસ્થા દેશની રક્ષા ક્ષમતાઓમાં વ્યાપક સમીક્ષાનો હિસ્સો છે.

સરકાર તેના માધ્યમથી આંતરિક જોડાયેલ જટિલ સમસ્યાઓથી લડવા માટે રાષ્ટ્રીય સુરક્ષા સંવાદનો વધારે સારો ઉપયોગ કરી શકશે.

## રમત-જગત

### વેસ્ટઈન્ડીઝ મહિલા ટી-૨૦ વિશ્વકપની મેજબાની કરશે.

વેસ્ટઈન્ડીઝ વર્ષ ૨૦૧૮ માં રમાનાર મહિલા ટી-૨૦ વિશ્વકપની મેજબાની કરશે.

ટી-૨૦ વિશ્વકપ વેસ્ટઈન્ડીઝના એન્ટીગુઆ અને બારબુડા,ગુયાના અને સેન્ટ લુસીયામાં ૯

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

થી ૧૮ નવેમ્બર ૨૦૧૮ સુધી આયોજિત કરાશે.

શરૂઆતી મેચોનું આયોજન ગુયાના નેશનલ સ્ટેડીયમ અને સેન્ટ લુસિયાના ડેરેન સૈમી સ્ટેડીયમમાં આયોજિત કરવામાં આવશે.

જયારે એન્ટીગુઆના સર વિવિયન રિચર્ડસ સ્ટેડીયમ અને બારબુડામાં બે સેમીફાઈનલ અને ફાઈનલ મેચોનું આયોજન કરવામાં આવશે.

કૈરેબીયાઈ ટીમે વર્ષ ૨૦૦૭ ના વિશ્વકપ અને વર્ષ ૨૦૧૦ ના ટી-૨૦ વિશ્વકપની મેજબાની કરી હતી.

## અન્ય

### રામનાથ કોવિંદે ૪૪ વ્યક્તિઓને જીવન રક્ષા પદક માટે પસંદ કરવામાં અવ્યા.

રાષ્ટ્રપતિશ્રીએ ૪૪ વ્યક્તિઓને જીવન રક્ષા પદક પુરસ્કાર ૨૦૧૭ માટેની મંજુરી આપી છે.

તેમાંથી ૭ લોકોને સર્વોતમ જીવન રક્ષા પદક,૧૩ને ઉત્તમ જીવન રક્ષા પદક અને ૨૪ જીવન રક્ષા પદક પ્રદાન કરવામાં આવશે.

આમાંથી સાત પુરસ્કાર મરણોપરાંત આપવામાંઆવશે.

જીવનરક્ષા પદક જીવન રક્ષા પદક પુરસ્કાર એ વ્યક્તિઓને આપવામાં આવશે,જે માનવતાના પરિચય આપતા કોઈ બીજા વ્યક્તિના પ્રાણની રક્ષાનું કાર્ય કરેલ હોય.

સર્વોતમ જીવન રક્ષા પદક વિજેતાઓમાં એફ.લાલછંદમાં મિઝોરમને પસંદ કરવામાં આવ્યા છે.

## સમીક્ષા,તારીખ ૨૬/૦૧/૨૦૧૮

### રાષ્ટ્રીય કન્યા દિવસ પર એસ.એ.જી. માટે લોન્ચ કરવામાં આવી, રૈપિડ રિપોર્ટીંગ સીસ્ટમ...

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (એમ.ડબલ્યુ.સી.ડી.) ના સચિવ શ્રી રાકેશ શ્રીવાસ્તવે રાષ્ટ્રીય કન્યા દિવસ ૨૪ જન્યુઆરીના અવસર પર સ્કીમ ફોર એડોલસેંટ ગર્લ્સ (એસ.એ.જી.) માટે ચરણ-૧ અર્થાત રૈપિડ રિપોર્ટીંગ સીસ્ટમના લાભાર્થી મોડ્યુલનો શુભારંભ કરેલ છે.

આ નવી દિલ્હીમાં સ્કીમ ફોર એડોલસેંટ ગર્લ્સ માટે એક વેબ આધારિત ઓન લાઈન દેખરેખ છે.

આ પોર્ટલ માટે યુ.આર.એલ. એસ.એ.જી.-આર.આર.એસ.એન.આઈ.સી..ઈન છે.
વર્તમાનમાં એમ.ડબલ્યુ સી.ડી.સમગ્ર દેશમાં પસંદ કરાયેલા ૫૦૮ જીલ્લાઓમાં સ્કીમ ફોર અડોલસેન્ટ ગર્લ્સ લાગુ કરી રહી છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

એસ.એ.જી નું લક્ષ્ય ૧૧ થી ૧૪ વર્ષની સ્કૂલી કિશોરી કન્યાઓના સશક્તિકરણ માટે તેમના કૌશલ્યને સુધારવા માટે પોષણ અને સ્વાસ્થ્યની સ્થિતિમાં સુધાર કરવાનો છે.
હાલ ભારતના મહિલા અને બાળ વિકાસ મંત્રી તરીકે મેનકા ગાંધી સેવા આપી રહ્યા છે.

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઇ રહ્યા છો,

આ કરંટ અફેર્સના ગુજરાતી વિડીયો પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે અન્ય જીકે પણ સમાવવાનો પ્રયાસ પરેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ સબસ્ક્રાઈબ ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો. પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઇ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

**એજ્યુસફર પરિવાર**

EduSafar

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

**Google Play Store** પર જઈ, **EduSafar** સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. **અથવા**




આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com

કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે **YouTube** પર જઈ, **EduSafar** લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

**EduSafar**